Department of Public Instruction, Bombay

બાળપોથી.

GUJARATI INFANTS' PRIMER

PREPARED BY THE VERNACULAR TEXT-BOOKS REVISION COMMITTEE



Macmillan & Co., Limited

Price 2½ annas.

અમદાવાદ
ગુજરાતી કૉપીરાઇટ-સંગ્રહ
૨૪૬૫

પ્રસ્તાવના.

૧. આ પુસ્તકના ઉપોદ્‌ઘાતમાં બે વિભાગ કરી અક્ષરના ખંડો આપ્યા છે. (૧) મૂળ ખંડ ને (૨) જોડેલા ખંડ. પહેલાં મૂળ ખંડ બનાવવાનો ને લખવાનો મહાવરો છોકરાંને કરાવવો. તે બનાવવાને માટે મણુકા, સળી, તાર અથવા એવી બીજી કોઈ ચીજોનો ઉપયોગ કરવો. પછી રેતીમાં આંગળી વડે ને પાટીઓ ઉપર ચાક વડે તે લખાવવા. એ મુજબ જોડેલા ખંડો પણ બનાવતાં ને લખતાં શીખવવા. ખંડો આવડ્યા કેડે અક્ષરો શીખવવાનું શરૂ કરવું.

૨. શિક્ષણની જાણીતી બે રીતો-એકીકરણ ને પૃથક્કરણ-નો ઉપયોગ કરી અક્ષરોના વર્ગ શીખવવા. એકીકરણ રીત વાપરવાથી બે કે વધારે ખંડો કે અક્ષરો લઈ આખો અક્ષર કે શબ્દ કરી શકાશે. આખો અક્ષર કે શબ્દ લઈ તેના ખંડો કે અક્ષરો છુટા કરી બતાવવાને પૃથક્કરણ રીત ઉપયોગી છે. કડી, મણુકા કે બીજી જે કોઈ ચીજો વડે અક્ષરો બનાવી શકાય, તે ચીજો છોકરાંને આપી અક્ષરો બનાવતાં શીખવવું અને તેનો પાકો મહાવરો કરાવવો. બબ્બે ચચ્ચાર અક્ષરો સાથે આપી કેટલાક વર્ગ પાડ્યા છે. તે વર્ગ મોઢે કરાવવા નહિ.

૩. અક્ષરોના વર્ગોમાં શબ્દો અને વાક્યો આપેલાં છે. તે શીખવતી વખતે બનતાં સુધી એવા બીજા શબ્દો બનાવતાં શીખવવું.

૪. દરેક અક્ષર મોટો છાપેલો છે. તેની સામા ચિત્ર ને ચિત્રનું નામ આપેલું છે. તે નામમાં શીખવવાનો અક્ષર મોટો ને બીજા અક્ષરો નાના છાપેલા છે. ચિત્રનું નામ છોકરાં પાસે વંચાવવું નહિ. છોકરાં ચિત્ર ઓળખીને નામ કહે તે માટે સવાલો પૂછવા. તેમ છતાં નામ ન કહી શકે તો શિક્ષકે કહેવું. ચિત્રનાં

गूजरात विद्यापीठ ग्रंथालय
[गूजराती कॉपीराइट विभाग]

अनुक्रमांक १४६५ वर्गांक

पुस्तकनुं नाम આળપોથી

विषय [illegible]


બાળપોથી.

ભાગ પહેલો.


ઉપોદ્ઘાત.

મૂળાક્ષરના ખંડ.*

મૂળ ખંડ.



જોડેલા ખંડ.



* આ ખંડોને જુદી જુદી રીતે ગોઠવી જુદા જુદા અક્ષરો બનાવતાં શીખવવું.

વર્ગ-૧.


ખંડ. મૂળાક્ષર. ચિત્ર નામ સાથે.

ન ન  નગારૂં.

મ મ  મરચું.

નમ.

ત ત  તરવાર.

લ લ  લખોટો.


તલ. મલ. મલમ.


અંક.

૦ ૧  સુરજ.

વર્ગ–૨.

ખંડ. મૂળાક્ષર. ચિત્ર નામ સાથે.


ગ ગ  ગધેડું.

ણ ણ   ફેણ

ગણ. મગ. ગમત.

મગન. ગમન.

જ જ  જમરૂખ.

ઝ ઝ  ઝભલું

જમ. ગજ. તજ.

જમણ. મગજ.*

મગન, નમ. । ગમન, જમ.

અંક.

૨ ૨  આંખો.

---

* ખાવાનો.

વર્ગ-૩.

ખંડ. મૂળાક્ષર. ચિત્ર નામ સાથે.

ર ર



રથ.

ર-ા સ



સગડી.

રસ. રમ. તર.
સરસ. રમત. તરત. રતન.

ર ા શ



શકોરૂં.

ર-ા ચ



ચકલી.

શણ. ચણ. ચમર. ચમન.

મગન, તર. રતન, રમત રમ. ચમન, તરત નમ.

અંક.

૩ ૩




બીલીપત્ર.

વર્ગ-૪.

ખંડ. મૂળાક્ષર. ચિત્ર નામ સાથે.

વ વ



વહાણ.

ળ ળ



નળ.

વળ. વણ. જવ.
નળ. વગર. ગળ.

શણ વણ. | ગમન, તરત વળ.
તલ ન ગળ | રસ વગર ન જમ.

પ પ



પતંગ.

ષ ષ



ધનુષ.



પગ. પર. પરણ. પવન.

નળ પર ન રમ. | પગ પર શણ ન વણ.

અંક.

૪ ૪ ચોરસ.

વર્ગ-૫.

ખંડ.	મૂળાક્ષર.		ચિત્ર નામ સાથે.
દ	દ		દડો.
ઇ	ઇ		ઇયળ.
ઈ	ઈ		ઈસ.


દળ. ઈસ. દઈ.

લઈ. ગઈ.

જવ લઈ દળ. । રતન ગજ લઈ ગઈ.

ઈસ પર ન રમ.

અંક.

૫ ૫  આંગળાં.

વર્ગ–૬.

ખંડ.	મૂળાક્ષર.		ચિત્ર નામ સાથે.
છ	છ		છત્રી.
ઘ	ઘ		ઘડો.
ધ	ધ		ધજા.


છગન. ઘન. ધમ.

ઘસ. ઘર. ધમણ. મધ.

છગન, ધમણ ધમ. | ગમન, પગ ન ઘસ.
ધન લઈ ગણ. | ઘર સરસ ચણ.

રતન મધ વગર ગઈ.

અંક.

૬ ૬  માખી.

વર્ગ-૭.

ખંડ.	મૂળાક્ષર.		ચિત્ર નામ સાથે.
ઉ	ઉ		ઉતરડ.
ઊ	ઊ		ઊન.

ઉજમ. ઉમર. ઊન.

ઉપર.


ઉજમ ઉપર ગઈ.
ઉમર, છ ગણ.

વળ દઈ ઊન વણ.
રતન ધર ઉપર ગઈ.

અંક.			
૭	૭		ધજા.

વર્ગ—૮.

ખંડ. મૂળાક્ષર. ચિત્ર નામ સાથે.



ટ ટ ટટ્ટુ

ઢ ઢ   ઢબુ.

ઝટ. ઢગ. ચઢ. ગઢ. સઢ.

ઢગ પર ન ચઢ. । ગઢ પર ન રમ.

ચમન, ઝટ જમ.

ય ય  ગાય.

થ થ  થડ.

ઇયળ. રથ. થઈ.

ઇયળ ઢગ ઉપર ગઈ. । ગમત સરસ થઈ.

છગન, રથ પર ચઢ.



અંક.


૮ ૮  કરોળીઓ.

વર્ગ—૯.

ખંડ. મૂળાક્ષર. ચિત્ર નામ સાથે.

ડ ડ  ડગલો.

ઠ ઠ   ઠળીઓ.


હ હ  હળ.

વડ. થડ. હસ. હળ.


ઘડ. મઠ. હસન. હરણ.

થડ ઉપર ન ચઢ. । ઉજમ હરણ લઈ ગઈ.

હસન, મઠ ન ગળ.

ક ક  કલગી.


ખંડ. મૂળાક્ષર. ચિત્ર નામ સાથે.

ફ ફ  ફણસ.


કર. ફળ. કલમ.
કરડ. પકડ.

છગન, કલમ ઘડ. | રતન, ફળ લઈ ગણ.
ઉમર, હસ હસ ન કર. | મગન, હળ પકડ.

અંક.

૯ ૯  મણકા.

વર્ગ-૧૦.

બ બ  બકરી.

ભ ભ  ભમરડો.

બળદ. ભર. ભણ.
ભરડ.

મગન, ઝટ ભણ. | ગમન, બળદ ન પકડ.
રતન, મઠ ભરડ.


ખંડ. મૂળાક્ષર. ચિત્ર નામ સાથે.



૩ા ખ — ખડીઓ.



૬ઠા અ — અજગર.



નખ.		અડદ.
લખ.	ખલ.	અદબ.

કલમ લઈ લખ. | રતન, અડદ લઈ ભરડ.

હુસન, અદબ કર. | ઉજમ ખલ લઈ ગઈ.

ઉમર, નખ ન કરડ.

આંક.

૧૦ ૧૦  પંજા.

બાળપોથી.

ભાગ બીજો.

પાઠ ૧.

અ ા = આ. । બ ા = બા.



ખા. ના. ભા. ચા. પા. મા.

મા, ચા પા.
ભા, આ મધ ખા.
ના, મા, ચા પા.


બા, ચા કર.
મા, આ ચા થઈ.
બા, બા, ચા પા.

ના, ભા, મધ ખા.

વાંચો:— આવ. ચાર. ખાય. ચાકર. ભાઈ.

પાઠ ૨.

ગા. જા. હા.



ગાય. ઘાસ.
જાય. લાવ.

બા, આ ગાય ખાય?
હા, ભાઈ. ચાર લાવ.
આવ ગાય, ચાર ખા.
આ બળદ પણ ઘાસ ખાય.

આવ બળદ, ઝટ આવ.
આ ઘાસ ખા.
ચાકર આવ, બળદ લઇ જા.

વાંચો:— મામા. બાપા. તારા.
બાઉ. મારા. આપ.

પાઠ ૩.

અ ે = એ. | બ ે = બે.



છે. તે. જે. ને. લે.

બેન. આવે. આપે.

એક. પેલા. મને.

પેલા મામા આવે છે?
હા, તે મામા છે.
બા, એ બાઉ આપે?
મામા જે આપે તે લે.
આ બે બાઉ છે.

લે ભાઈ, આ બાઉ લે.
એક બેનને આપ.
આવ બેન, આ બાઉ લે.
ભાઈ, મને બે બાઉ આપ.
ના, આ એક લે.

વાંચો :— એને. પગે. સાથે. વાળ.
દેશે. તને. ભાવે. વાહ.

પાઠ ૪.

ઇ	િ	બ િ	= બિ.
ઈ	ી	બ ી	= બી.

બિલાડી. ડીલે. તીણા. નાની.

બીએ. ઘી. મારી. નહિ.



આ મારી બિલાડી છે.

વાહ! બિલાડી, વાહ!

એને ડીલે વાળ છે.

એને ચાર પગ છે.

પગે તીણા નખ છે.

એને ઘી ભાવે છે.

નાની બેન, એને પકડ નહિ.

એ બીએ છે.

એ તને નખ દેશે.

આવ બિલાડી, મારી સાથે રમ.

વાંચો :— અમે. તારી. લાગી. નથી. પી.

પછી. કેમ. માળી. આમ.

પાઠ ૫.

ઉ	ુ	બ	ુ	=	બુ.
ઊ	ૂ	બ	ૂ	=	બૂ.



બહુ.	બુલાખી.	ફૂલ.	ઘેર.
પુરી.	બૂમ.	ભૂ.	મારે.
ગુલાબ.	દૂધ.	ભૂખ.	આપશે.

બુલાખી, બુલાખી, આમ આવ.
ભાઈ, કેમ બૂમ મારે છે?
મને ભૂખ લાગી છે.
આવ, બા તને દૂધ પુરી આપે.
તે ખા ને ભૂ પી.

પછી બા તને ફૂલ આપશે.
તારી બા ગુલાબ આપશે?
ગુલાબ મને બહુ ગમે છે.
ના, તે ફૂલ મારે ઘેર નથી.
આ માળી આવે છે.
એ તને ગુલાબ આપશે.

વાંચો :— કરે. લાવે. પાસે. તેને. સામે. જેને. બેઠા.

પાઠ ૬.

અ ૈ = ઐ. | બ ૈ = બૈ.



દવા. પૈસા. તૈયાર. તાવ.

બૈરી. વૈતરા. વાટે.

આ એક બૈરી છે.
તેને તાવ આવે છે.
સામે વૈદ બેઠા છે.
વૈદ તેને દવા આપે છે.
તે દવા બૈરી લે છે.
વૈદ પાસે બે વૈતરા છે.

તે વૈતરા દવા વાટે છે.
પછી વૈદ દવા તૈયાર કરે છે.
જેને તાવ આવે તે વૈદ પાસે જાય.
તેને પૈસા આપે ને દવા લાવે.

વાંચો :— પડે. પકડે. નીચે. ફરે. લટકે.
કૂદે. હવે. ઉછાળે. જુએ.*

* એ ઉપરથી જુઓ શબ્દ શીખવી શકાશે.

પાઠ ૭.

અ ો = ઓ. | બ ો = બો.
અ ૌ = ઔ. | બ ૌ = બૌ.

દડો. પીળો. છોકરો.* ઊનનો.
પેલો. દોરો. જમણો. ડાબો.
ગોળ. સૌ.



પેલો છોકરો દડો લઈ કૂદે છે.
એ દડો પીળો છે.
એને એક દોરો લટકે છે.
તે પણ પીળો છે.
એ દોરો ઊનનો છે.
હવે તે પીળો દોરો પકડે છે.
પછી દડો ગોળ ફેરવે છે.
જુઓ, તે ડાબો ને જમણો જાય છે.
હવે તે ઉપર ને નીચે જાય છે.
દડો નીચે પડે છે. પછી ઝટ ઉછળે છે.
સૌ છોકરા તે રમત જુએ છે.

વાંચો:—
આવડે. તમને. રાતો. જી. ઉડાડે. ધજા.
વાદળી. કેવો. કહીશ. કાલે. ગીત.

---

* એ ઉપરથી છોકરા શબ્દ શીખવવો.

પાઠ ૮.

અ ં = અં. | બ ં = બં.

ઈંટ. બંગડી. શું. ફુમતું.

નંગ. શાંતી. હું. રંગનું.

પતંગ. તું. ચમચક.



જુઓ, આ છોકરો શું કરે છે?
એ પતંગ ઉડાડે છે.
એ પતંગનો રંગ કેવો છે?
તેનો રંગ રાતો છે.
એ પતંગને એક ચમચક છે.
તેનો રંગ વાદળી છે.
શાંતી બેન, તારી બંગડીનો
રંગ કેવો છે?
તે પણ વાદળી છે.
પતંગને નીચે ફુમતું છે.
તેનો રંગ પીળો છે.


આ ઈંટનો રંગ કેવો છે?
ગોનો રંગ પણ પીળો છે.
તમને રંગનું ગીત આવડે છે? ના, જી.

પાઠ ૯.

ભરાય. ધાવવા. વાછરડી. બોલાવું.

ભલી. પાણી. પેટ. રોટલો.

વળગી. પેલું દોહીશ. તાંબડી.




જુઓ, મોટી બેન, આ
ગાય જાય છે.
હું તેને બોલાવું? હા.
આવ, ભલી ગાય, અ ામ
આવ.
બા, એને શું ખાવા આ-
પીશું?
પેલો રોટલો છે તે આપું?
ના, ભાઈ, તેથી એનું પેટ નહિ ભરાય.
જા પેલું ઘાસ લાવ ને નાખ.
લે ગાય, આ ઘાસ ખા ; પછી પાણી પીજે.
આ એની વાછરડી આવી.
જુઓ, તે એને ધાવવા વળગી.
ધાવ, વાછરડી, ધાવ ;
પણ મારે માટે થોડું દૂધ રાખજે.
બા, તું ગાય દોહીશ ને દૂધ આપીશ?
હા. જા, પેલો તાંબડી લાવ.

પાઠ ૧૦.

ઉંદર. જોઈતી. બહાર. સાંભળવી.

વહાલા. દહાડો. અહીં.



મારા વહાલા ઉંદર ભાઈ, હું તમને મળવા આવી છું.
તમે જરા દરમાંથી બહાર આવો.
આપણે સારી સારી વાતો કરીએ.
ના રે, બેન, હું બહાર નહિ આવું.

મારે તમારી વાત સાંભળવી નથી.
ભાઈ, તમે બેનને મળવા નહિ આવો?
બહાર આવો તો આપણે ગમત કરીએ.
ના, બેન, મારે ગમત જોઈતી નથી.
કેમ આવવાની ના કહો છો?
સાંભળો, એક દહાડો તમારા જેવી બેન અહીં આવી હતી.
મારા ભાઈઓ તેને મળવા ગયા હતા.
તે ગયા તે ગયા, પાછા દેખાયા નહિ.
જાઓ, બેન, તમે તમારે ઘેર જાઓ.
ફરી અહીં આવશો નહિ.

પાઠ ૧૧.



મરચાં. ચાંચ. પાંજરૂં. રોટલી.
ટાંગેલું. લીટા. કાંઠલો. પાંખ.

મોટા ભાઈ, આ શું ટાંગેલું છે?
એ પાંજરૂં છે.
એમાં આ શું છે?
એ પોપટ છે. એનો રંગ કેવો મજાનો છે!
કહે ભાઈ, એ પોપટનો રંગ કેવો છે?
એનો રંગ લીલો છે.
એને આ લાલ લાલ શું છે?
એ એની ચાંચ છે.
એ શા કામમાં આવે?
એનાથી એ ખાય છે.
એ શું ખાય? ભાત, દાળ, રોટલી.
બીજું કશું ખાય ખરો?
હા, ફળ ખાય; વળી મરચાં તો એને બહુજ ભાવે.
એને ગળે પેલું કાળા લીટા જેવું શું છે?
તે એનો કાંઠલો છે.

આ ફડફડ શું થાય છે ?
એ એની પાંખો છે. એ વડે એ ઊડે છે.
એ કંઈક મારા જેવું બોલે છે.
હા, બોલે છે તે સાંભળ.
વાહ રે વાહ, એ બહુ સારૂં બોલે છે.

પાઠ ૧૨.



પહેલાં. માથું. ચાંપવાને. મહેતાજી.
ચોપડી. સાંધી. ફાટેલી. મોડું.

બેન રતન, તું કેમ રડે છે ?
ભાઈ, પેલા છગને મારી ચોપડી ફાડી નાખી.
હવે હું શું કરીશ?
લે, આ મારી સારી ચોપડી લે.
તારી ફાટેલી ચોપડી મને આપ.
હું તેને સાંધીને કામમાં લઈશ.
ભાઈ, એમ ન થાય.

આ તમારી ચોપડી પાછી લો.
હું મારી ચોપડી સાંધી લઈશ.
ચાલ, ઊઠ બેન, નિશાળે જવાનું મોડું થાય છે.
ભાઈ, મને આજનો પાઠ આવડતો નથી.
મારી માનું માથું દુખતું હતું.
તે ચાંપવાને હું બેઠી, ને પાઠ થયો નહિ.
મહેતાજી પૂછશે તો હું શું કહીશ?
ખરી વાત કહેજે.
ભાઈ, મહેતાજીને આવતાં વાર છે.
તે આવે તે પહેલાં મને પાઠ ન શીખવો?
હા, આવ, તને ઝટ શીખવું.

પાઠ ૧૩.



ઘરાક. ટીકડી. છેતરતો. પતાસાં.
દુકાન. રેવડી. બરફી. દુકાનદાર

ભાઈ છગન, તમે બધા અહીં આવો.
આપણે આજ એક નવી રમત રમીએ.

હું દુકાન માંડું.
તમે મારી દુકાને માલ લેવા આવશો?
હા. તમે શું શું વેચશો?
મારી દુકાને રેવડી, પતાસાં ને ટીકડી મળશે.
ભલે, તમે દુકાન માંડી રહો એટલે કહેજો.
ચાલો, પહેલો કોણ આવે છે?
હું છગન આવું છું.
મને એક પૈસાની બરફી આપો.
છગન, જા, તને નહિ રમાડીએ.
હું બરફી વેચતો નથી ને તે તું કેમ માગે છે?
મને કાઢી ન મૂકો. ફરી એવું નહિ માગું.
મને એક પૈસાની ટીકડી આપો.
લે, આ ટીકડી. લો, આ પૈસો.
પેલો કોઈ બીજો ઘરાક આવે છે.
તમે પતાસાં વેચો છો? હા.
મારે સારામાં સારાં જોઈએ.
મારી નાની બેનને માટે મોકલવાં છે.
વાહ! એમ છે, તો ભાઈ, તને બે વધારે આપીશ.
આ પતાસાં ઘણાં સારાં છે.
બીજાને એક પૈસાનાં પાંચ આપું છું, પણ તને સાત આપીશ.
લો આ પૈસો ને આપો.
વાહ! આ દુકાનદાર ભલો છે.
છોકરાંને તે છેતરતો નથી.

પાઠ ૧૪.



ઓછું. ત્રણ. પુછડું. ત્રાજવાની.
હવાડો. વેઢા. આંગળી. શીંગડાં.

આ મારા ગામનો હવાડો છે. અહીં ઢોર પાણી પીએ છે. જુઓ, પેલો એક બળદ પાણી પીએ છે. તેને એક માથું ને એક પુછડું છે. બળદની પાસે ગાયો છે. તે કેટલી છે? બે છે. એક કાળી ને બીજી ધોળી. એક ને એક બે થાય. ગાયને બે આંખ, બે કાન ને બે શીંગડાં હોય છે. મારે બે પગ, બે હાથ, બે આંખ ને બે કાન છે. ૧ બળદ ને ૨ ગાયો મળી ૩ ઢોર થાય. પૈસાની પાઈ ત્રણ છે. ત્રાજવાની દોરી પણ ત્રણ છે. આંગળીના વેઢા ત્રણ હોય છે. આ ત્રણ ઢોરમાંનું એક જાય તો કેટલાં રહે?—૨. બોલો, ત્રણમાંથી એક જાય તો બે રહે. બાકી રહેલાં બે ઢોરમાંથી એક ઓછું થાય તો કેટલાં રહે?—૧. બેમાંથી એક જાય

તો એક રહે. એકમાંથી એક લઇએ તો શું બાકી રહે ?—કંઈ નહિ. કંઈ નહિ બતાવવાને આવું ૦ મીડું મૂકે છે.

પાઠ ૧૫.

કાગડાને. અવળા. ભેંસ. પાછલા.

ચંપો. ચંપેલી.

પેલી બે ગાયો પાસે બે ભેંસો છે. બે ગાયો ને બે ભેંસો મળી ચાર ઢોર છે. ગાય કે ભેંસને ચાર પગ હોય છે. બે આગલા ને બે પાછલા. મેજને પાયા પણ ચાર હોય છે. કહો, બે ને બે કેટલા થાય ?—૪. કાગડાને પગે ચાર આંગળાં હોય છે. ત્રણ આગળ ને એક પાછળ. ત્રણ ને એક ચાર થાય. એક બળદ, બે ગાયો અને બે ભેંસો મળી પાંચ ઢોર થાય. બોલો, ૧,૨ ને ૨ મળી ૫ થાય. મારે એક હાથે પાંચ આંગળાં છે. ચંપો કે ચંપેલીના ફૂલને પાંચ પાંખડી હોય છે. એકથી પાંચ સુધી ગણી જાઓ. પાંચથી એક સુધી અવળા ગણી જાઓ. આ પાંચ ઢોરમાંથી બે જતાં રહે, તો કેટલાં રહે ?—૩. બોલો, પાંચમાંથી બે જાય તો ત્રણ રહે. ત્રણ ઢોરમાંથી બે ઢોર જાય તો કેટલાં રહે ?—૧. બોલો, ત્રણમાંથી બે ઓછા થાય તો એક રહે.

ગીત અને કવિતા.

(૧)



(પુનમ ચાંદની ખીલી પુરી અહી રે)—રાહ.

ચાલો ઊઠોને,[૧] આજ રમત રમીએ નવી રે,
લઈ ધજાઓ[૨] ને, કરીએ સારો ખેલ,
હોંસે હળીમળી સૌ કરીએ આનંદ આપણે રે.

(સાખી.)

લાલ પીળો ને વાદળી, મૂળ રંગ[૩] કે'વાય,
ના બીજા બધા, મેળવણીથી થાય.[૪]
કુંડાળું,[૫] આજે આપણ સાથમાં રે,
, સુંદર શોભે રંગ.[૬]—હોંસે હળીમળી સૌ
કરીએ આનંદ આપણે રે.

ઉભાં થવું. ૨. બધાંએ જમણા હાથમાં ધજા લેવી. ૩. જુદા
ી એક ઉંચી કરવી. ૪. જુદા જુદા રંગની ધજા એક બીજા
બધાંએ ગોળ કુંડાળામાં ફરવું. ૬. ધજા ફરકાવવી.

(૨)

ચાંદો.

મા મને ચાંદલીઓ વહાલો,
ચાંદલીઓ વહાલો,
મા મને રમવાને આલો,
નવ લખ તારા વીણી મા,
મારા ગજવામાં ઘાલો;
મા મને ચાંદલીઓ વહાલો.
અરધો ધરે મુગટ આખો ધરે મા,
આવે ન કદી ઠાલો,
તેજ તેનાં મારી આંખોમાં આંજે,
મા ઊડતો ઝાલો;
મા મને ચાંદલીઓ વહાલો.

---

(૩)

તારા.

ગણ્યા ગણાય નહિ,
વીણ્યા વિણાય નહિ,
છાબડીમાં માય નહિ,
તોય મારા આભલામાં* નાહય

આકાશે પલકે,
ને ઝીણું ઝીણું મલકે,
અંધારી રાતે એ દેવ કેરી અ
નાનકડી ઉઘાડે તેજ કેરી પ

---

* દર્પણ અથવા આરસી.

(૪)

ઈશ્વર પ્રાર્થના.

(દોહરા.)

એ ઈશ્વર ભજીએ તને,
મોટું છે તુજ નામ;
ગુણ તારા નીત ગાઈએ,
થાય અમારાં કામ. ૧

હેત લાવી હસાવ તું,
સદા રાખ દીલ સાફ;
ભૂલ કદી કરીએ અમે,
તો પ્રભુ કરજે માફ. ૨

---

(૫)

ગાય.

ચોપાઈ.)

[illegible]એ પાણી ચરવા જાય;
[illegible]ાછરડાં પર હેત અપાર. ૧

[illegible]ખરી ને તેમાં ફાટ, સુંદર શોભે એનો ઘાટ;
પુછડા પર છે વાળ, તેથી કરે શરીર સંભાળ. ૨

[illegible]ગ બે મોટી આંખ, પુછડાથી ઉડાડે માખ;
[illegible]ંટી લીસું અંગ, ગેલ કરે વાછરડાં સંગ. ૩

[illegible] ધોળું દેખાય, સાકર નાખી હોંસે ખાય;
નાખણ ઘી તેનાં થાય, તેથી બહુ ઉપયોગી ગાય. ૪

(૬)

પોપટની શિખામણ.

(પ્રમાણિકા છંદ.)

ઉડું જગે ઉડું વને, રીઝું હું રીઝવું તન
ઉઘાડી પાંખ માહરી, ઉઘાડ ભાઈ તાહરી.
ભણું અનેક બોલડા, મીઠા કરૂં ટહુકડા;
તું એક વેણ માનજે, મીઠું મીઠું ટહુકજે.
અમારી નાની જીંદગી, રમીશું જીવતાં લગી;
ઘણું ઘણું તું જીવજે, બીજું રૂડું જ શીખજે.

અક્ષરમાળા.

અ, આ, ઇ, ઈ, ઉ, ઊ, ઋ,
એ, ઐ, ઓ, ઔ, અં, અઃ

ક, ખ, ગ, ઙ
જ, ઝ, ઞ;
ત, થ, દ, ધ
ભ, મ; ય, ર, લ, વ, શ,
સ, હ, ળ, ક્ષ, જ્ઞ.

ક, કા, કિ, કી, કુ, કૂ, કે, કૈ, કો, કૌ,
લ, લા, લિ, લી, લુ, લૂ, લે, લૈ, લો, લૌ

☞ ઉપલા કોઠામાના ઙ. અને ઞ સિવાય બીજા મોટા છાપેલા અક્ષરોના પહેલી ચોપડીમાં કરવામા આવશે.

૫. અક્ષર વાંચતાં, બનાવતાં ને લખતાં શીખવવાનું કામ સાથે સાથેજ કરવું.

૬. જરૂર પડે જોવાને અને મુકાબલો કરવાને માટે મૂળાક્ષરોને ચાલતા જુના ક્રમ પ્રમાણે ગોઠવી ચોપડીને છેડે આપ્યા છે. આરંભમાં આપેલા વર્ગમાંના અક્ષરો શીખવ્યા પહેલાં તે ક્રમ પ્રમાણે અક્ષરો શીખવવા યોગ્ય નથી. ચોપડી પુરી કરી રહ્યા બાદ તે ક્રમ બતાવવામાં આવશે તો વધારે અનુકૂળ થઈ પડશે.

૭. વ્યંજન સાથે સ્વર કેવી રીતે જોડાય છે તે બતાવવાને માટે નમુના તરીકે **બ** ની બારાખડી પહેલા ૮ પાઠોને મથાળે અને બીજા એ અક્ષરોની બારાખડી પુસ્તકને છેડે આપી છે.

૮. જુના ક્રમ પ્રમાણે આપેલી અક્ષરમાળામાંના કોઈ કોઈ અક્ષરો હાલ ગુજરાતીમાં વપરાતા નથી. તેવા અક્ષરો શરૂઆતના વર્ગોમાં બતાવ્યા નથી, પણ અક્ષરમાળામાં આપી તે સંપૂર્ણ કરી છે. કેટલાક અક્ષરો અક્ષરમાળામાં આપ્યા છે, પણ તે આ ચોપડીમાં વાપર્યા નથી. તેમનો ઉપયોગ પહેલી ચોપડીમાં કરવામાં આવશે. અક્ષરમાળામાં તેમને મોટા અક્ષરે છાપી બીજાથી જુદા કરી બતાવ્યા છે.

૯. આ ચોપડીને છેડે કવિતા ને ગીત આપ્યાં છે, તે પૈકી જેમાં જોડાક્ષર આવે છે તે વંચાવવાં નહિ; પણ માત્ર મોઢે બોલતાં શીખવવાં.

